# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-01-2025** **Midday : 2.30 to 2.35**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# SANGATHAN PARV

ગાંધીનગરમાં સંગઠન પર્વને લઈ ભાજપના મુખ્ય કાર્યાલય  કમલમ ખાતે બેઠકોનો દોર શરૂ થયો છે. મહાનગર શહેર અને જિલ્લા પ્રમુખોને લઈ કમલમ ખાતે બેઠક યોજાઇ હતી. સંગઠન મહામંત્રી રત્નાકર, મુખ્ય ચુંટણી અધિકારી ઉદય કાનગડ સાથે જિલ્લા ચૂંટણી અધિકારીઓની બેઠક શરૂ થઇ છે. જિલ્લા ચૂંટણી અધિકારીઓને સાંભળવામાં આવી રહ્યા છે.  દાવેદારી ફોર્મ અને સંકલન બેઠક બાદ દાવેદારી કરનાર લોકોની યાદી સાથે જિલ્લા ચુંટણી અધિકારી બેઠકમાં ઉપસ્થિત છે. ૩૩ જિલ્લા પ્રમુખ અને ૭ મહાનગરના શહેર પ્રમુખ માટે ચૂંટણી અધિકારીઓને તબક્કાવાર સાંભળવામાં આવી રહ્યાં છે.

સવારે આણંદ, ખેડા, અમદાવાદ જિલ્લા, સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટના ચૂંટણી અધિકારીઓ સાથે વ્યક્તિગત બેઠક યોજાઇ હતી. હવે બપોર બાદ બીજી તબક્કામાં અન્ય જિલ્લાઓની ચર્ચા હાથ ધરાશે.

. . . . . . . . . . . . .

# Study Tour

રાજ્ય વિધાનસભાની અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ આવતીકાલથી ૧૦મી જાન્યુઆરી સુધી નર્મદા, ભરૂચ, સુરત, તાપી, નવસારી અને વલસાડના અભ્યાસ પ્રવાસે જશે. ગુજરાત વિધાનસભાની યાદીમાં જણાવ્યા અનુસાર, આ સમિતિ ૭ અને ૮ જાન્યુઆરીએ કેવડીયા, કરજણ ડેમ, કાકરાપાર પ્રોજેક્ટ, ઉકાઈ ડેમ તથા માંડવીની મુલાકાત કરશે. ૯મી એ સોનગઢ, ઉચ્છલ, પૂર્ણા ડેમ, મધુબન ડેમની મુલાકાત કરી તા. ૧૦ જાન્યુઆરીએ ગાંધીનગર પરત ફરશે. . . . . . . . . . . . . .

# Report Of Falling Into Borewell

ભુજ તાલુકાના કંઢેરાઈ ગામે  આજે  એક યુવતી 540 ફૂટ ઊંડા બોરવેલમાં પડી જવાના અહેવાલ છે. અમારા કચ્છના પ્રતિનિધિ હેમાંગ પટણીના જણાવ્યા પ્રમાણે  વાડીમાં ખેતમજૂરી કરતા શ્રમજીવી પરીવારની પુત્રી બોરવેલમાં પડી જતા સ્વજનો સાથે ગ્રામજનોમાં ભારે ચિંતા નો માહોલ છવાયો છે. ઘટનાના પગલે કચ્છ જિલ્લા પોલીસ વડા, ભુજ વહીવટી તંત્રની ટીમ સાથે ફાયર વિભાગ અને 108 એમ્બ્યુલન્સની ટીમ ખડેપગે બચાવ કામગીરીમાં જોડાયા  છે.

. . . . . . . . . . . . .

# Shankar Chaudhary

રાજ્ય વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ આજે બનાસકાંઠાના થરાદની મુલાકાત લીધી હતી. વિવિધ સંસ્થાઓ, વેપારીઓ અને ભાજપ કાર્યકર્તાઓએ લાખણી ખાતે તેમનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે સંબોધન કરતાં તેમણે જણાવ્યું કે થરાદ નવો જિલ્લો બનશે તો અધિકારીઓ ડબલ થશે, આ સિમાવતી વિસ્તાર છે. જેને લઇ વિકાસ થશે. જિલ્લાને વધુ ગ્રાન્ટ મળશે. આ કોઈ વિભાજન નથી નવા જિલ્લાનું નવ નિર્માણ છે. ઉલ્લેખનીય છે કે સરકારે વિકાસની રૂપરેખાને વધારવા બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરી વાવ થરાદ નવો જિલ્લો જાહેર કર્યો છે.

. . . . . . . . . . . . . .

# Ambedkar Awas Tilakvada

રાજ્ય સરકારે અનુસૂચિત જાતિના જરૂરિયાતમંદ પરિવારને પાકું મકાન આપવા માટે ડોક્ટર આંબેડકર આવાસ યોજના અમલી બનાવી છે.

આકાંક્ષી જિલ્લા નર્મદાના પ્રત્યેક પરિવારને પાકું ઘર મળે અને તેમની જીવનશૈલીમાં સુધારો આવે, અને તેઓ આત્મવિશ્વાસ તથા સ્વાભિમાન સાથે જીવે તે આ યોજનાનો ઉદ્દેશ છે.

આ યોજનાના એક લાભાર્થીએ પોતાનો પ્રતિભાવ આ મુજબ આપ્યો...

(BYTE -- NAGIN BHAI ROHIT)

. . . . . . . . . . . . .

# Snake Research Institute

વલસાડના ધરમપુર ખાતે વિશ્વ આરોગ્ય સંસ્થાની માર્ગદર્શિકા મુજબ સૌપ્રથમ "સર્પ સંશોધન સંસ્થાન"ની સ્થાપના કરવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં તથા વન-પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા અને રાજ્ય મંત્રી મુકેશ પટેલના માર્ગદર્શનમાં આ સંસ્થાનની સ્થાપના કરવામાં આવી છે. ધરમપુર ખાતેના આ સર્પ સંશોધન સંસ્થાનમાં મુખ્ય ચાર ઝેરી સાપોને રાખવામાં આવે છે. જેમાં ભારતીય કોબ્રા, કોમન ક્રેટ, રસેલ્સ વાયપર અને સો-સ્કેલ્ડ વાયપરનો સમાવેશ થાય છે. ગીચ જંગલો ધરાવતા ધરમપુર તેમજ આજુબાજુના વિસ્તારમાં મોટી સંખ્યામાં ઝેરી અને બિનઝેરી સાપો વસવાટ કરે છે, તેથી આ વિસ્તારમાં સ્થાપવામાં આવેલા સર્પ સંશોધન સંસ્થાનમાં સર્પદંશને લગતા સંશોધન, નિવારણ, નિદાન, સારવાર, પુનર્વસન તેમજ ગુજરાત અને પડોશી રાજ્યોના મેડિકલ અધિકારીઓને સર્પદંશના ઉપચાર તથા વ્યવસ્થાપન અંગે તાલીમ આપવાની કામગીરી કરવામાં આવે છે. સર્પ સંશોધન સંસ્થાનમાં હાલમાં લગભગ ૩૦૦થી વધારે ઝેરી સાપ રખાયા છે, જેની સંખ્યા ભવિષ્યમાં ૩,૦૦૦ સુધી લઈ જવામાં આવશે.

એક અભ્યાસ મુજબ, વિશ્વમાં અંદાજે દર વર્ષે ૫૪ લાખ લોકો સર્પદંશનો ભોગ બને છે, જેના કારણે અંદાજિત ૧ લાખથી વધુ લોકો મૃત્યુ પામે છે જ્યારે ત્રણ ગણી સંખ્યામાં લોકો કાયમી વિકલાંગતાનો ભોગ બને છે.

. . . . . . . . . . . . .

# Painting

હેસાણા શહેરમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેરની સોસાયટીઓ અને જાહેર રસ્તાઓની બાજુમાં જ્યાં કચરાના ઢગલાઓ જોવા મળતા હોય તેવી 17 જગ્યાઓ શોધી 17 લાખ રૂપિયાના ખર્ચે સુશોભન કરવાની કામગીરીનો પ્રારંભ કરાયો છે. આ માટે રસ્તાઓ નજીક બ્લોક તેમજ માટીનું  પુરાણ કરાયું છે. આવી સ્વચ્છ કરાયેલી જગ્યાઓ ઉપર કચરો ફેકનાર સામે દંડની કાર્યવાહી કરાશે

. . . . . . . . . . . . . .

# Sindhi Sanskrutik Utsav Ahmedabad

સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા અમદાવાદના ઇન્દિરા બ્રિજ પાસે છઠ ઘાટ ખાતે સિંધી સાંસ્કૃતિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજયના પ્રવાસન મંત્રી મૂળુ બેરા અને સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિતિ રહ્યા હતા. આ પ્રસંગે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું તેમજ સિંધી ફૂડ ફેસ્ટિવલનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................